જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૩૭/૧૭

## ભારતીય ચલણી નોટોની સાઇઝના કાગળો નુ બંડલ જેના ઉપર તથા નીચે અસલ ભારતીય ચલણી નોટ મુકી નોટો નુ બંડલ(મુઠ્ઠ) બતાવી લાલચ આપી લોકો સાથે છેતરપીડી કરી રોકડા નાણા/મોબાઇલ ફોન પડાવી લેતી ટોળકી ને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ, મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓએ સબંધે મિલ્કત સબંધી ગુન્હા ન બને તથા આવા ગુન્હા કરનાર આરોપીઓ શોધી કાઢવા આપેલ સુચના અનુસાર એન્ટીઓર્ગેનાઇઝડ ક્રાઇમ ટીમ આ કામગીરી સબંધે કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતે થી ભારતીય ચલણી નોટોની સાઇઝના કાગળો નુ બંડલ જેના ઉપર નીચે અસલ ભારતીય ચલણી નોટ મુકી નોટો નુ બંડલને (મુઠ્ઠ) અસલ ચલણી નોટો નુ બંડલ તરીકે પબ્લીકના માણસોને બતાવી પબ્લીકના માણસોને વિશ્વાસમા લઇ તેઓની સાથે છેતરપીંડી કરી કાગળનુ બંડલ આપી લોકો પાસેથી રોકડા રુપીયા તથા મોબાઇલ ફોન પડાવી લેવાની ટેવવાળી ટોળકી ના ઇસમો

(1) નિસારખાન નિઝામખાન જાતે મન્સુરી ઉ.વ.27 રહેવાસી. સાગરભાઇ રબારીના મકાનમા ગામ. કમોડ તા.દસ્ક્રોઇ જી. અમદાવાદ મુળગામ ઇતીહાર બીછોલી થાના બરોલી તા. અટેર જી. ભીંડ મધ્યપ્રદેશ

(2) નિસારખાન ઇન્દાઝખાન જાતે મન્સુરી ઉ.વ.21 રહેવાસી. સાગરભાઇ રબારીના મકાનમા ગામ. કમોડ તા.દસ્ક્રોઇ જી. અમદાવાદ મુળગામ ગડી થાના પોડસા તા પોડસા જી. મુરેના મધ્યપ્રદેશ (3) મોહમંદશા છોટેશા જાતે ફકીર ઉ.વ.22 રહેવાસી. સાગરભાઇ રબારીના મકાનમા ગામ. કમોડ તા.દસ્ક્રોઇ જી. અમદાવાદ મુળગામ પોરા થાના. ભીંડ તા.જી. ભીડ મધ્યપ્રદેશ

નાઓને અમદાવાદ ખાતેથી પકડી તેમના કબ્જામાંથી અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-6 કિ.રૂ.23500/ તથા અંગઝડતીના નાણાં રૂ830 મળી કુલ કિ.રૂ.24330/ ની મતા સાથે અટક કરવામાં આવેલ છે.

ઉપરોકત આરોપીઓની પુછપરછ તથા તેમની પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન અંગે તપાસ કરતાં ઉપરોકત આરોપીઓએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નંબર 137/17 ઇ.પી.કો. કલમ 406,420, મુજબ નો ગુન્હો કરેલ હોય જેથી આરોપીઓને તે ગુન્હાના મુદ્દામાલ સાથે વધુ તપાસ અર્થે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

આ કામે ઉપરોક્ત આરોપીઓની વધુ પુછ્પરછમાં તેઓ પાસેથી મળી આવેલ અન્ય મોબાઇલ ફોન તેઓએ તથા બીજા મળતીયાઓ સાથે મળી છેલ્લા એકાદ માસ સમય દરમ્યાનમા અમદાવાદ શહેર, અમદાવાદ શહેર આજુબાજુ વિસ્તાર તથા કચ્છ, ભુજ, ગાંધીધામ તથા રાજકોટ ખાતે બેંકો ની આજુબાજુમા ગુન્હા કરેલાની વિગતો જણાવેલ છે.

આ કામના આરોપીઓ બેંક ની સામે ઉભા રહી રેકી કરી ઓછી ઉમરના વ્યક્તિઓ ને શિકાર બનાવવાનું નક્કી કરી તે વ્યક્તિને ખોટી રજુઆત કરી"મારા શેઠ સાથે ઝઘડો થયેલ છે અને મને મારો શેઠ પગાર આપતો ન હતો જેથી હું તેમને ત્યાંથી કાપડમા લપેટેલ નોટોનું બડલ લઇ નાસી આવેલ છું જેથી આ નોટોનું બંડલ તમે લઇ મને થોડા છુટાપૈસા આપો જેથી હું મારા વતન જતો રહું, " આવી વાત કરત્તાં તેનો મળતીયો માણસ આવી જેને શિકાર બનાવવાનો હોય તેની તરફે વાત કરી નોટો નું બંડલ લેવા માટે વિશ્વાસમાં લઇ ને તે ખોટુ નોટોનું બડલ લેવા ઉત્સાહિત કરી આ નોટો નું બડલ જે તે વ્યક્તિને અપાવી તેની પાસેથી રોકડા રૂપિયા/મોબાઇલ ફોન અથવા બીજી કિમતી ચીજવસ્તુ અપાવી ત્યાંથી નીકળી જવાનું અને આ રીતે વ્યક્તિને વિશ્વાસમાં લઇ તેની સાથે છેતરપીંડી કરવાની મોડેસ ઓપરેન્ટી ધરાવી ગુન્હા કરતા હોવાની હકીકત જણાય આવેલ છે. જેથી ઉપરોકત ગુન્હા સબંધે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશને જાણ કરી મોબાઇલ માલિકો સબંધે તથા ઉપરોકત આરોપીઓ તરફથી ભોગ બનેલ ઇસમોને શોધી કાયદેસર કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## રીક્ષાની બેટરી ચોરી ના ગુનાનુ ભેદ ઉકેલતી શાહીબાગ પોલીસ

મહે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મહે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા મ.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ ના માર્ગ દર્શન હેઠળ સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ તથા સેકંડ પોલીસ ઇન્સપેક્ટર જી.એચ.પઠાણ સાહેબ નાઓની સુચના મુજબ સર્વે સ્કોર્ડ પો.સબ.ઇન્સ એમ.એ.પટેલ નાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૨૭૯/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે લોક.રક્ષક વિજયસિંહ ભરતસિંહ બ.ન.૨૮૪ નાઓની બાતમી હકીકત આધારે આરોપી કુશાલ હસમુખભાઇ મોદી ઉ.વ.૨૨ રહે- ગોગા મહારાજની ચાલી રાજાવીર સોસાયટી રોડ રાજુભાઇ રબારી ના મકાનમાં ઠક્કરબાપાનગર અમદાવાદ શહેર નાઓને આજરોજ તા.૮/૧૦/૨૦૧૭ ના કલાક ૧૪/૪૫ વાગે હોળી ચકલા સર્કલ પાસેથી ઉપરોક્ત ગુનામાં ચોરીએ ગયેલ એક EXIDE કંપની ની રીક્ષાની બેટરી કી.રૂ.૪૦૦૦/- ની મત્તા તપાસ અર્થે કબ્જે કરી ઉપરોક્ત ગુનો ડીટેક્ટ કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે

## શાહીબાગ પોલીસ સ્ટેશનઃ

મહે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મહે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા મ.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ ના માર્ગ દર્શન હેઠળ સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ તથા સેકંડ પોલીસ ઇન્સપેક્ટર જી.એચ.પઠાણ સાહેબ નાઓની સુચના મુજબ સર્વે સ્કોર્ડ ના માણસોએ અમદાવાદ શહેર ખાતે તડીપાર ઇસમો ની ડ્રાઇવ દરમ્યાન અત્રેના વિસ્તાર માં તડીપાર થયેલ ઇસમો (૧) કિશોર ઉર્ફે લાલો રણજીતસિંહ જાતે.ઠાકોર ઉ.વ.૨૬ રહે- ૧/૧૨ જુની ખોડીદાસની ચાલી હોળી ચકલા સર્કલની બાજુમા અસારવા શાહીબાગ અમદાવાદ શહેર (૨) આકાશ ઉર્ફે ભચલુ જયમીનભાઇ જાતે પરમાર ઉ.વ.૨૯ રહે- પ્રિતમપુરા સોસાયટી વિભાગ-૧ પોસ્ટ ઓફીસ સામે ગીરધરનગર શાહીબાગ અમદાવાદ શહેર (૩) રવિ સુરેશભાઇ જાતે પરમાર ઉ.વ.૨૦ રહે- શાંતિપુરા મનુભાઇ ની ચાલી ગેટ નંબર ૧ બળીયા લીમડી ચાર રસ્તા શાહીબાગ અમદાવાદ શહેર (૪) જીગ્નેશ ઉર્ફે બાવો રમેશભાઇ જાતે ગોસ્વામી ઉ.વ.૨૮ રહે- મણીલાલ મુખી ની જુની ચાલી અસારવા સો.સા. ની બાજુમાં શાહીબાગ અમદાવાદ શહેર નાઓની તપાસ કરી પકડી લઈ તેઓની વિરુધ્ધ અલગ અલગ જીપીએક્ટ કલમ ૧૪૨ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ આ પકડાયેલ ઇસમો પૈકી જીગ્નેશ ઉર્ફે બાવો રમેશભાઇ જાતે ગોસ્વામી ઉ.વ.૨૮ રહે- મણીલાલ મુખી ની જુની ચાલી અસારવા સો.સા. ની બાજુમાં શાહીબાગ અમદાવાદ શહેર નાઓ (૧) શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.ન.૧૨૫/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪,જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.ન.૨૫૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૧૧૪,જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ના ગુન્હાઓ માં નાસતો ફરતો હોય તેઓ વિરુધ્ધ અલાયદી કાર્યવાહી પણ કરવામાં આવેલ છે.

---

## નરોડા પોલીસ સ્ટેશનઃ

મે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેઅબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જી ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નરોડા પોલીસ સ્ટેશનના સીની પોલીસ ઇન્સ્પેકટર આર.બી.રાણા સાહેબ તથા સેકન્ડ પી.આર.રામાણી સાહેબ નાઓની સુચના મુજબ સર્વેસ્કોડના માણસોએ અમદાવાદ શહેર ખાતે તડીપાર ઇસમોની ડ્રાઇવ દરમ્યાન અત્રેના વિસ્તારમાં રહેતો ઇસમ જે શરીર સબંધીઓ ગુનાઓ કરતો હોય જેથી તેની વિરૂધ્ધમાં અત્રેના ગુપ્ત જા.નં. ૧૦૫/૨૦૧૭ તા.૮/૧૦/૨૦૧૭ થી તડીપાર દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવેલ છે. તેમજ તડીપાર થયેલ ઇસમ નમે કલ્પેશભાઇ ઉર્ફે ચકાભાઇ કાંતિભાઇ ભરવાડ રહે, નારાયણનગર ભરવાડવાસ નરોડા અમદાવાદ નો હદપાર થયેલ હોય અને તડીપારનો ભંગ કરી મળી આવતાં મજકુર વિરૂધ્ધ સેકન્ડ ગુ.ર.નં. ૩૧૬૭/૨૦૧૭ જી.પી.એકટ કલમ ૧૪૨ મુજબ ફરીયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

તા.૯/૧૦/૨૦૧૭

---

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીપાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.